કેસ રજુ તારીખ : ૩૧/૦૮/૨૦૧૭
કેસ દાખલ તારીખ : ૩૧/૦૮/૨૦૧૭
કેસ ફેસલ તારીખ : ૩૧/૦૫/૨૦૧૮
સમય ગાળો :
વર્ષ માસ દિવસ

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩ માં, મુ. અમદાવાદ.**

---

**ક્રીમી.કેસ નં.૫૬૪૯૧/૨૦૧૭**

**આંક– ૧૧**

**ફરીયાદી** :– નામદાર સરકારશ્રી

**વિરૂધ્ધઃ**

**આરોપી** :– ચીરાગ સુરેશભાઈ દત્ત,
રહેવાસી– મ.નં.૧૬૫૬, દેવીપુજક વાસ, નવરંગપુરા ગામ,
નવરંગપુરા, અમદાવાદ.

**ગુન્હોઃ**– આઈ.પી.સી.કલમ– ૩૨૩, ૨૯૪(ખ) મુજબ

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી વ્યાસ**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એમ.આર.ચાવડા**

---

–: **ચુ કા દો** :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૮/૨૦૧૭ ના કલાક ૨૨–૩૦ વાગે નવરંગપુરા ચાર રસ્તા પાસે ફરીયાદીશ્રીએ દારુ પીધેલ હાલતમાં આ કામના આરોપીને જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીને મોઢાના ભાગે એક મુકકો મારતા નીચે પડી જતા મોઢુ રોડ સાથે અથડાતા ડાબી આંખની નીચે તથા નાકની બાજુના ભાગે ઈજા કરી ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા

તેના આધારે ત. ક. અમલદારે સેકન્ડ ગુ. ર. નં.૩૨૦૧/૨૦૧૭ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુઘ્ઘ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી. કો.કલમ– ૩૨૩, ૨૯૪(ખ) મુજબ ના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત માં કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂઘ્ઘ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામે આરોપી વિરુઘ્ઘ આંક–૩ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૪ થી પ્લી નોંધતા આરોપી એ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જતીન રઘુનાથ દત્તની જુબાની | ૭ |
| ૨ | ફરીયાદ | ૮ |
| ૩ | સી.આર.પી.સી.ક. ૧૫૭ નો રીપોર્ટ | ૯ |
| ૪ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૪) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કર્યા બાદ આરોપી વિરૂઘ્ધનો પુરાવો જોતા તેઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) રેકર્ડ ઉપરની સમગ્ર હકીકત અને રજુ થયેલ તમામ પુરાવો ઘ્યાને લેતા આ કેસ ની ઈન્સાફી કાર્યવાહી માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:મુદ્દાઃ–**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ઈ.પી.કો. કલમ

– ૩૨૩, ૨૯૪(ખ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૭) આ કામે ફરિયાદપક્ષે ફરીયાદી જતીન રઘુનાથ દત્ત નાઓને આંક–૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓ એ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે છ એક માસ અગાઉ બનેલો. તે સમયે ધણા માણસોનું ટોળુ ભેગું થયેલ તે ટોળામાંથી તેઓને ધકકો વાગતા પડી ગયેલ અને ઈજાઓ થયેલ. બનાવની ફરીયાદ તેઓ એ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં આપેલી. તેઓને આંક–૮ ની અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આમ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉ.ત. કરવામાં આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કાંઈ બનેલું નહી. એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેઓને આગળ કેસ ચલાવવો નથી. આમ ફરીયાદીને આરોપી સાથે સમાધાન થઈ જતા ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ત્યારે તેમને ન માનવા માટે કોઈ જ કારણ નથી તે હકીકતમાં તેઓ જ જયારે કલોજીગ પુરસીસ આપી વધુ સાક્ષી તપાસવા માંગતા ન હોય તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઈ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા હોય તે મુજબ મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૩૨૩, ૨૯૪(ખ) મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીનના જામીનખત સી.આર.પી.સી. કલમ– ૪૩૭ એ અન્વયે વધુ છ માસ માટે ચાલુ રાખવામાં આવે છે. ત્યારબાદ અપીલ ન થયેલ હોય તો આરોપીના ખત તથા જામીનખત રદ ગણવા.

હુકમ આજરોજ તા. ૩૧, માહે મે સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧/૦૫/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.
CODE NO. GJ01023